


# નાના માણસને આખરે ઘર મળ્યું

મેક્સ વેલથુઇસ



# નાના માણસને આખરે ઘર મળ્યું


મેક્સ વેલથુઇસ




એક નાના કદનો માણસ હતો.

એ એક જોડા રાખવાના જૂના કાર્ડબોર્ડના ડબ્બામાં રહેતો હતો.

ત્યાં એ ખુશ હતો.




એક દિવસ વરસાદ આવવા લાગ્યો.

નાનો માણસ ખુશ થયો.

"વરસાદ મારા બગીચા માટે સારો રહેશે,"

એણે કહ્યું.




પણ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી વરસાદ વરસતો રહ્યો.

કાર્ડબોર્ડનો ડબ્બો આટલો વરસાદ સહી ન શક્યો.

એ પાણીથી ભીંજાઈ ગયો અને તૂટીને નીચે પડી ગયો.



નાના માણસે એની બધી વસ્તુઓ

એક પોટલામાં બાંધી અને ત્યાંથી ભાગ્યો.


એ વરસાદથી બચવા માટે એક મોટા વૃક્ષની નીચે રોકાયો.



એક પક્ષીએ એને અવાજ કર્યો"

"ઉપર આવ અને અમારી સાથે રહે.

ઉપર કોરું છે અને અમે અહીં બહુ મજા કરીયે છીએ."



નાનો માણસ ઝાડ પર ચઢી ગયો

પણ...



...એ નીચે પડી ગયો.

"ઓહ સારું," એણે કહ્યું. "હું પક્ષી નથી.

હું જમીન પર જ રહું એ સારું થશે."





દરમ્યાન, વરસાદ બંધ થઈ ગયો હતો.

સૂરજે એને ફરી ગરમ અને સૂકો કરી દીધો હતો.

"હવે હું મારો સમય એક નવું ઘર શોધવામાં લગાવી શકીશ,"

એણે મનમાં કહ્યું.

રાત સુધી એની બધી કોશિશો છતાં એને કોઈ ઘર ન મળ્યું.

એટલે, એ જમીન પર જ લાંબો થયો અને ત્યાં જ સૂઈ ગયો.

સૂતી વખતે એના માથાની ઉપર ફક્ત આકાશ હતું.



બીજે દિવસે સવારે એ એક દેડકાને મળ્યો.

"નમસ્તે, નાના માણસ!

મને તારા માટે એક સરસ ઘરની ખબર છે,"

દેડકાએ કહ્યું.

એ એને એક ખાલી બરણી પાસે લઈ ગયો.



એ એક બહુ મજબૂત ઘર હતું.

એની બધી દીવાલોની આર-પાર જોઈ શકાતું હતું.

અને જળરોધક પણ હતું.

પણ બરણીમાં એક કલાક પછી

નાના માણસને બહુ ગરમી થવા લાગી.



એ અહીં-તહીં જોવા લાગ્યો.

ત્યાં એને ઘાસની પાછળ એક કોફીની કીટલી દેખાઈ.

"આ મારા માટે એક સારું ઘર થશે," એણે વિચાર્યું.

પણ અચાનક કીટલીના નાળચામાંથી

ભમરાનું ઝુંડ બહાર ઉડયું.

"અહીંથી ચાલ્યો જા," એમણે ગણગણાટ કર્યો.

"આ અમારું ઘર છે."



નાનો માણસ જેટલી જલ્દી બની
શકે ત્યાંથી ભાગ્યો.




થોડા સમય પછી એને એક સસલું મળ્યું.

"આવો અને અમારી સાથે રહો, નાના માણસ,"

સસલાએ કહ્યું.

"અમારું ઘર બહુ હુંફાળું છે, અને એમાં ઘણી
જગ્યા છે."



નાના માણસને સસલા સાથે

રહેવાની મજા આવી.

દરરોજ સાંજે એ શેતરંજ રમતા હતા

અને ગાજરનો રસ પીતા હતા.



પણ એક સવારે ઘરમાં અચાનક તેર સસલાના બચ્ચા

આવ્યા અને નાના માણસ માટે કોઈ જગા બચી નહીં.

એણે સસલાનો એની દયા માટે આભાર માન્યો

અને ત્યાંથી ચાલી નીકળ્યો.



બહાર એને એક ગોકળગાય મળી.

"કેટલી સરસ વાત છે," એણે વિચાર્યું,

"જ્યાં પણ જાઓ તમારું ઘર સાથે લઈ જાઓ."



થોડા સમય પછી એને એક નાની મહિલા મળી

જે સફરજન તોડી રહી હતી.

"શું હું તમારી મદદ કરી શકું છું?" નાના માણસે પૂછ્યું.


નાની મહિલાએ કહ્યું, "જરૂર, કૃપા કરીને મારી મદદ કરો."



બધા સફરજન તોડયા પછી

નાના માણસે ટોપલી ઉપાડી

અને નાની મહિલાએ એનું બંડલ ઉપાડયું.



નાની મહિલાના ઘરમાં એમણે રાત્રિભોજન માટે

એક મોટો કટોરો સૂપ બનાવ્યું.

અને નાના માણસે હંમેશા ત્યાં રહેવાનો ફેંસલો કર્યો.



આગામી રવિવારે એમણે બધા જાનવરોને

એક પાર્ટી માટે આમંત્રિત કર્યા.

એ મોટી ઉજવણીમાં ખાવા માટે ઘણી સરસ વાનગીઓ હતી.

ફક્ત એક જાનવર ગાયબ હતું - ગોકળગાય.



ગોકળગાય એટલી ધીમી હતી કે એ ત્યારે પહોંચી જયારે બીજા બધા જાનવર એના ઘરે જતા રહ્યા હતા.

સદ્ભાગ્યે નાના માણસે અને નાની મહિલાએ

ખાસ એને માટે સલાડનો એક કટોરો સાચવી રાખ્યો હતો.